૧૩૫

**"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૫/૧૭ના રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૧/૦૫/૧૭ના રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિતે તા.૦૬/૦૫/૧૭ ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૫/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪,૮૯૭ | ૭૪,૭૫૧ | ૨૮૨ | ૧૦,૧૪૪ | ૬૯૨ | ૧૮૯૬ | ૧૧૮ | ૪૭,૬૦૦ | ૭૪ | ૨૮,૯૯૯ | ૧૪,૬૪૭ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## એફોર્ડેબલ હાઉસીગ સેલ

## "મેગા લોન મેળો"

## —: પ્રેસ નોટ :—

મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના જુદા જુદા ઝોન વિસ્તારમાં LIG સ્કીમની જુદી જુદી ૩૦ સાઈટો ઉપર ૮૭૨૧ આવાસ તથા EWS સ્કીમની ૦૭ સાઈટો ઉપર ૨૨૯૬ આવાસ મળી કુલ–૩૭ જેટલી સાઈટો ઉપર ૧૧૦૧૭ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સદર આવાસોના તબકકાવાઈઝ કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા LIG સ્કીમના ૮૬૭૦ લાભાર્થી તથા EWS સ્કીમના ૨૨૯૬ લાભાર્થીઓ મળી કુલ–૧૦૯૬૬ લાભાર્થીઓને આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. જે પૈકી LIG સ્કીમમાં ૬૯૯૬ લાભાર્થીઓ તથા EWS સ્કીમમાં ૨૧૧૫ લાભાર્થીઓ મળી કુલ–૯૧૧૧ લાભાર્થીઓ દ્વારા આવાસની પૂરેપૂરી રકમ ભરપાઈ કરવામાં આવેલ છે. તદઉપરાંત જે લાભાર્થીઓએ આવાસની લોન મેળવવા બેંકમાં અરજી કરેલ હોય, બેંક દ્વારા લોન સેન્કશન થઈ હોય તેવા લાભાર્થીઓએ એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરીએ બેંક તરફથી મળેલ લેટર જમા કરાવવાનું રહેશે.

LIG સ્કીમ તથા EWS સ્કીમના ફાળવેલ આવાસોના લાભાર્થીઓના આવાસની કિંમતના હપ્તા ભરવાના બાકી છે તથા જે લાભાર્થીઓની આજદિન સુધી બેંકમાં લોન ન થઈ હોય તેવા લાભાર્થીઓને "ઘરના ઘરનું" નું સ્વપ્ન પુરું કરવા માટે તથા એક જ જગ્યાએથી ઝડપથી આવાસ માટે લોન મળી રહે તે માટે **સુરત મહાનગરપાલિકા દ્વારા "મેગા લોન મેળો" તા.૧૪/૦૫/૨૦૧૭ રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાક થી બપારે ૩:૦૦ કલાક સુધી LIG–૨,"સુમન શૈલ", વાઈટ લોટસ સ્કુલ પાસે, હેડગેવાર વસાહતની સામે, સોમેશ્વર એન્કલેવની ગલીમાં, વેસુ પાણીની ટાંકી, વેસુ, સુરત ખાતે યોજવામાં આવનાર છે.** આ "મેગા લોન મેળા" સુરત મહાનગરપાલિકા સાથે MOU (મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીગ) કરેલ ૩૫ (પાંત્રીસ) જેટલી બેંકોના અધિકારીઓ / કર્મચારીઓ / પ્રતિનિધિઓ હાજર રહેશે. "મેગા લોન મેળા" માં LIG સ્કીમ તથા EWS સ્કીમના ફાળવેલ આવાસના લાભાર્થીઓની આવાસ માટેની લોન કરવાની બાકી હોય તે લાભાર્થીઓએ ઓળખકાર્ડ, ફાળવણીપત્ર, બેંક લોન મેળવવા માટેના જરૂરી પુરાવાઓ લઈ હાજર રહેવા માટે જણાવવામાં આવે છે. **"મેગા લોન મેળા" અંગેની સંપુર્ણ જાણકારી એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર અને ત્રીજો માળ, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ઉપરથી મળી રહેશે.**

૧૩૭

# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૦૪ થી ૦૭–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ૠતુને ઘ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૨૬૩ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૨૧૦૭કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૮૬૫ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી૩૫૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૯ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૮૪ ચેકી કરી જે પૈકી ૮૮ સંસ્થાઓને નોટીસ આપી અને ૦૩ સંસ્થાઓ બંધ કરાવેલ હતી. દુધની ડેરી–૧૯૯ ચેકી કરી જે પૈકી ૫૭ સંસ્થાઓને નોટીસ આપીતથા ૦૫સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૩૨ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૩સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર ૧૦૮સંસ્થા ચેક કરી જે પૈકી ૫૩સંસ્થાઓને નોટીસ આપીતથા ૦૨સંસ્થાને બંધ કરાવેલ હતી.

# પ્રેસનોટ

## ''લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા), મીઠીખાડી કિનારે આવેલ બશીરનગર ઉર્ફે ખ્વાજાનગર ઝૂંપડપટ્ટીનું ડિમોલીશન કરી જગ્યાનો કબ્જો મેળવવા બાબત''

લિંબાયત, ટી.પી.સ્કીમ નં. ૦૭(આંજણા), મીઠીખાડી કિનારે આવેલ બશીરનગર ઉર્ફે ખ્વાજાનગર ઝૂંપડપટ્ટીનું સુરત મહાનગરપાલિકાના NRCP Project હેઠળ પ્રોટેકશન વોલ તથા રસ્તામાં નડતરરૂપ કુલ – ૮૧ ઝુંપડાઓનુ સ્પોટ સર્વે કરવામાં આવેલ અને અસરગ્રસ્તોને નીતિનિયમ મુજબ તા.૨૦/૦૭/૨૦૦૭ પહેલાની હયાતી ધરાવતા ઝુપડાઓના માન્ય પુરાવાના આધારે ૫૮ લાભાર્થીઓને ડ્રો કરી વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવેલ જયારે બાકી રહેતા ઝુંપડાઓ પૈકી ૬ (છ) રેસીડેન્સ સિવાયના હેતુ તરીકેનો ઉપયોગ થતો હોય અને બાકીના નિયમ મુજબના પુરાવા રજુ કરી શકેલ ન હતાં. લિંબાયત ઝોન ધ્વારા માંગવામાં આવેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફ આજ રોજ તા.૦૮/૦૫/૨૦૧૭ ના રોજ ફાળવવામાં આવેલ હતો. સદરહુ કામગીરી લિંબાયત ઝોનનો સમગ્ર ટેકનીકલ સ્ટાફ, સુરત મહાનગરપાલિકાનો સીકયુરીટી સ્ટાફ, સુરત મહાનગરપાલિકાના બેલદાર, ખાનગી બેલદાર, ચાર જે.સી.બી. મારફત તથા ફળવાયેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફ થકી સદરહુ ઝુંપડપટ્ટીના ૨૩ જેટલા કાચા–પાકા મકાનો આજ રોજ ડિમોલીશન કરી જગ્યાનો કબજો લેવામાં આવેલ જે થકી આશરે ૧૨૦૦ ચો.મી. જેટલી જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે. સદરહુ કામગીરી થવાથી ડ્રેનેજ ખાતાનું NRCP Project હેઠળનું ખાડી પર પ્રોટેકશન વોલ તથા રસ્તાનું કામ પૂર્ણ થઈ શકશે.

:: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન આયોજીત શોર્ટ ફિલ્મ મેકીંગ શિબિરનો સમર કેમ્પ

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે શોર્ટ ફિલ્મ મેકીંગ માટેના "સમર કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે.

આ સમર કેમ્પનું તા.૧૦/૦૫/૧૭ બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી ખાતે માન.મેયરશ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી શુભારંભ કરવામાં આવશે. શુભારંભ કાર્યક્રમમાં શોર્ટ ફિલ્મ મેકીંગ શિબિરમાં ભાગ લેનાર, સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરનાં શિબીરાર્થીઓ તથા તેમને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિતિ રહેવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે.

આ સમર કેમ્પના વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને કલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂ પાડશે. સમર કેમ્પમાં પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી મેળવી, અન્ય તમામ કોર્ષના પ્રવેશફોર્મ, પ્રવેશ ફી, ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત તા.૧૨/૦૫/૨૦૧૭ સુધી ઉપરોકત કચેરીએ પરત કરવાના રહેશે.

સમાચારયાદી નં. 0139, તા. ૦૯/૦૫/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિતઆઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા શહેરની ૧૦૯૨ આંગણવાડી કેન્દ્રો ખાતે ૬ માસથી ૬ વર્ષના ૩૪,૦૦૦ બાળકોને અઠવાડીયામાં ૩ વાર બાળકદીઠ ૧૦૦ એમ એલ દૂધ તથા ૧૭,૦૦૦ સર્ગભા – ધાત્રીમાતાઓને અઠવાડીયામાં બે વાર લાભાર્થીદીઠ ૨૦૦ એમ.એલ. ફોર્ટીફાઈડ ફલેવર્ડ દૂધ વાર્ષિક અંદાજીત રૂા. ૫ કરોડના ખર્ચે તથા પ્રાયોગિક ધોરણે ૧૦૦ આંગણવાડી કેન્દ્રોની ૨૦૦૦ સર્ગભા – ધાત્રીમાતાઓને હિમોગ્લોબીન ચેક અપ કરવાના કાર્યક્રમનો શુભારંભ આજ રોજ માન.મેયર શ્રીમતીઅસ્મિતાબેન શિરોયાને હસ્તે કરવામાં આવ્યો. કાર્યક્રમમાં અન્ય મહાનુભાવો સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ , આરોગ્ય સમિતિ ચેરમેનશ્રીઅનિલભાઈ બિસ્કીટવાલા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી રૂપાબેન શાહ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન શ્રીમતી રમીલાબેન પટેલ, અલથાણ વોર્ડના કોર્પોરેટર શ્રીમતી કલ્પનાબેન અટોદરીયા, શ્રીમતી પુષ્પાબેન પટેલ, શ્રીમતીકિશોરીબેન કાપડીયા,શ્રી મુકેશભાઈ પટેલ, ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), ડો.હેમંત દેસાઈ, આરોગ્યઅધિકારીશ્રી ડો.આશિષ નાયક તથા નાયબ આરોગ્યઅધિકારીશ્રી ડો.કલ્પેશ ખત્રી ઉપસ્થિત રહયા હતા.કાર્યક્રમની શરૂઆત આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પ્રાથના ગાઈને કરવામાં આવી.

સ્વાગત પ્રવચન ડો.હેમંત એસ.દેસાઈ ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) દ્વારા કરવામાં આવ્યુ. તેમણે આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના વિકાસ માટે દૂધનું મહત્વ સમજાવ્યું.તેમણે કહયું કે આંગણવાડીના બાળકોમાં કુપોષણનો દર અગાઉના વર્ષોમાં હતો તેના કરતા ઘણો ઘટયો છે અને હજી પણ આ દર ઘટાડવા સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે. સર્ગભામાતા તંદુરસ્ત હશે તો જ આવનાર બાળક પણ તદુંરસ્ત હશે અને એટલે ગર્ભાવસ્થાની શરૂઆતથી સર્ગભા બહેનને આરોગ્ય તપાસ તથા પોષણ આહાર લેવાનું તેમણે કહયું.

આરોગ્ય સમિતિ ચેરમેનશ્રીઅનિલભાઈ પટેલેતેમના પ્રવચનમાં બાળકોનીયોગ્ય કાળજી શરૂઆતથી જ માતા –પિતાએ લેવાનું જણાવ્યું. એક તદુંરસ્ત બાળક જ તદુંરસ્ત સમાજ અને રાષ્ટ્રનુ નિમાર્ણ કરી શકે. આજના દિને તેમનો જન્મદિવસ હોય તેમણે બાળકોમાં કેકની વહેચણી કરેલ હતી.

માન.મેયર શ્રીમતીઅસ્મિતાબેન શિરોયા દ્વારા તેમના પ્રવચનમાં કહયુ કે સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૨,૦૦૦ બાળકો અઠવાડીયામાં ૩ વાર તથા સર્ગભા – ધાત્રી માતાઓને અઠવાડીયામાં બે વાર સુરત મહાનગરપાલિકા પોતાના ખર્ચે કરી રહી છે.તેનો આંનદ છે. તેમણે જણાવ્યું કે બાળકો અને મહિલાઓની તદુંરસ્તી

માટે સુરત મહાનગરપાલિકા તમામ ક્ષેત્રે મદદ કરવા તૈયાર છે હોવાનું જણાવ્યું. તેમણે જણાવ્યું કે તદુંરસ્ત બાળકના જન્મ માટે તદુંરસ્ત માતા હોવી જરૂરી છે. આ માટે બહેનોને આંગણવાડી પર અપાતું દૂધ,શીરો,સુખડી,ઉપમા,રસીકરણ, આર્યન ટેબલેટ વિગેરેને લાભ લઈ પોતાના સ્વાસ્થયનું ધ્યાન રાખવા અપીલ કરી.

સમારંભમાં હાજર મહાનુભાવો દ્રારા બાળકોને દૂધ અને કેકનું વિતરણ કરવામાં આવ્યું તથા હિમોગ્લોબીનની કીટ અલથાણ હેલ્થ સેન્ટરના એ.એન.એમ બહેનોને અપર્ણ કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન ચીફ સેનેટરી ઈન્સપેકટર શ્રી ઈકબાલભાઈ શેખે કર્યુ તથા કાર્યક્રમનું સમગ્ર આયોજન આઈ.સી.ડી.એસ.ઘટક –૫ દ્રારા કરવામાં આવેલ.અંતે સૌ મહેમાનો અને ઉપસ્થિત નગરજનનો અને આયેજકોનો આભાર ડો.એચ.કે.સોંધરવા મેડીકલ ઓફિસર,આઈ.સી.ડી.એસ. દ્રારા વ્યકત કરી સમારંભ પૂર્ણ કરેલ.



"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૦૮/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ કાર્યકર્તા અને કન્દ્રક્શનનાં બિલ્ડરોને સાથે રાખી પ્રતિબંધિત પ્લાસ્ટીક ન વાપરવા માટે જનજાગૃતિ અભિયાન કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તેને આનુષાંગિક કાર્યવાહી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૫/૧૭નાં રોજ ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ કાર્યકર્તા અને કન્દ્રક્શનનાં બિલ્ડરોને સાથે રાખી પ્રતિબંધિત પ્લાસ્ટીક ન વાપરવા માટે જનજાગૃતિ અભિયાન કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તેને આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય સેનીટેશન વિભાગનાં કર્મચારી/નગરજનો, N.G.Oની સંયુકત ટીમ બનાવી ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ અને મોટી કન્સટ્રકશન સાઈટનાં બિલ્ડરો અને કાર્યકર્તાઓને સાથે રાખી સદર સ્થળે વસવાટકર્તાઓનાં ડોર ટુ ડોર જઈને આ ટીમો ધ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા બાબતેનો પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ ટીમો સદર સ્થળોની આજુબાજુ આવેલ ખાદ્ય–અખાદ્ય સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ઘનિષ્ઠ ચેકીંગ કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી સંસ્થાનાં માલિક/વહીવટકર્તાઓને નોટીસ પાઠવી તેઓની પાસે વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવેલ હતી.

| પ્રતિબંધિત પ્લાસ્ટીક, સુકો/ભીનો કચરો અલગ અલગ કરવા માટેની રેલી | રેલીમાં ભાગ લેનાર | | | ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ પ્લાસ્ટિક (કિ.ગ્રા) | ઈસમ | વસુલ કરેલ વહિવટી ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | નગરજનો/ NGO | | | | |
| ૧૭ | ૩૩ | ૧૪૫ | ૨૨૮ | ૧૪૬ | ૩૩.૧૦૦ | ૬૦ | ૨૦,૨૫૦ |

વધુમાં આ ટીમો દ્વારા આજુબાજુનાં રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0141

તા.૦૮/૦૫/૨૦૧૭/ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૦૯/૦૫/૧૭નાં રોજ દરેક ઝોન વિસ્તારમાં તમામ કામદારો અને કર્મચારીઓને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૫/૧૭નાં રોજ દરેક ઝોન વિસ્તારમાં તમામ કામદારો અને કર્મચારીઓને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૯/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તથા તેમનાં ઝોનમાં ફરજ બજાવતા સફાઈ કામદાર/ડ્રેનેજ કામદાર વિગેરેઓને એકત્રીત કરી મ્યુ.સભ્યશ્રીઓ, N.G.O તથા નગરજનોની બનાવેલ સંયુક્ત ટીમોને આમંત્રિત કરી આ ટીમનાં સભ્યો દ્વારા સુરત શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તમામ કામદારોને વધુ ચોકસાઈ અને ખંતપૂર્વક સ્વચ્છતાની કામગીરી કરવા બાબતે જરૂરી સમજ/માર્ગદર્શન આપવામાં આવેલ હતું. વધુમાં જે કામદારો દ્વારા સારી કામગીરી કરવામાં આવે તેવા કામદારોને ઈનામ/પ્રમાણપત્ર આપી તેઓનું સન્માન કરી પ્રોત્સાહીત કરવા માટેની જાહેરાત કર્યા બાદ આ સમારંભમાં હાજર રહેલ તમામ કર્મચારી/કામદારોને સ્વચ્છતા તેમજ સ્વચ્છ સુરત સ્વસ્થ સુરત માટેનાં શપથ લેવડાવવામાં આવેલ.

| ઝોન વાઈઝ કામદારોની શપથ વધિ કરવા માટે કરેલ મીટીંગ | શપથ વિધિનાં અભિયાનમાં ભાગ લેનાર | | | શપથ લેવરાવવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | નગરજનો/N.G.O | |
| ૭ | ૯૭ | ૧૬૨૫ | ૧૦૪ | ૧૭૨૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0142
તા.૧૦/૦૫/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**:: પ્રેસનોટ ::**

સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન આયોજીત શોર્ટ ફિલ્મ મેકીંગ શિબિરનો સમર કેમ્પ

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે શોર્ટ ફિલ્મ મેકીંગ માટેના "સમર કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે.

આ સમર કેમ્પનું તા.૧૦/૦૫/૧૭ બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી ખાતે માન.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા, માન ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ગિરીજાશંકર મિશ્રા, અધ્યક્ષાશ્રી, સાસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી શુભારંભ કરવામાં આવેલ. શુભારંભ કાર્યક્રમમાં શોર્ટ ફિલ્મ મેકીંગ શિબિરમાં ભાગ લેનાર, સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરનાં શિબીરાર્થીઓ તથા તેમને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં વાલીઓ, કલાપ્રેમી નગરજનો હાજર રહી શિબીરાર્થીઓ પ્રોત્સાહિત કર્યા હતા. માન. મેયરશ્રીએ પ્રાંસગિક ઉદ્‌બોધનમાં સમરકેમ્પમાં જોડાનાર શિબીરાર્થીઓ ટુંકા સમયના સમર કેમ્પનો મહત્તમ લાભ લઈ છુપાયેલી સુષુપ્ત  શકિત બહાર લાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં વધુ શહેરજનોને સમરકેમ્પમાં જોડાવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓ તથા પ્રોજેકટની વિગત દર્શાવતી ઓડીયો વિઝયુઅલ ફિલ્મ દર્શાવી શોર્ટ ફિલ્મ મેકીંગનું મહત્વ સમજાવ્યું હતું.આ કાર્યક્રમમાં સમરકેમ્પના શિબીરાર્થીઓ, વાલીઓ, સીનીયર સીટીઝનો, મ્યુ.સભ્યશ્રીઓ તથા મ્યુ.અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

આ સમર કેમ્પના વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને કલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરુ પાડશે. સમર કેમ્પમાં પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી મેળવી, અન્ય તમામ કોર્ષના પ્રવેશફોર્મ, પ્રવેશ ફી, ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત તા.૧૨/૦૫/૨૦૧૭ સુધી ઉપરોકત કચેરીએ પરત કરવાના રહેશે.

સમાચારયાદી નં. 0 1 4 3 તા. ૧૦/૦૫/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


સુરત મહાનગરપાલિકા



"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૧૦/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ/કોમર્શીયલ વિસ્તારમાં આરોગ્ય/ઈજનેર વિભાગની સંયુકત ટીમ ધ્વારા સંકલિત ગ્રુપ સફાઈ કામગીરી કરાવવી આપવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૦/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ/કોમર્શીયલ વિસ્તારમાં આરોગ્ય/ઈજનેર વિભાગની સંયુકત ટીમ ધ્વારા સંકલિત ગ્રુપ સફાઈ કામગીરી કરવા જણાવવામાં આવેલ.

જે અંતર્ગત તા.૧૦/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં કાર્યપાલક ઈજનેર/નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ધ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલ પૈકીનાં નકકી કરવામાં આવેલ સ્થળોની આસપાસ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી કરાવી કચરો-કચરામિશ્રીત માટીઓ ઉપડાવી જંતુનાશક પાઉડર/દવાનો છંટકાવ અંગેની કામગીરી કરવામાં આવેલ.

| કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની સંખ્યા | આરોગ્ય/ઈજનેર સ્ટાફની સંખ્યા | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | | |
| ૨૧ | ૬૦ | ૨૩૮ | ૬.૭૮૨ | ૧૪૯૩ |

વધુમાં આ ટીમો ધ્વારા કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તેમજ આજુબાજુનાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ-અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0144
તા.૧૧/૦૫/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

**વિષય** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૦૮ થી ૧૦–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાને ઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૮૧ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૬૩૫ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૪૫૭ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૧૫૮ સંસ્થાઓને નોટીસ આપી તથા ૯ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૬૧ ચેકી કરી જે પૈકી ૩૬ સંસ્થાઓને નોટીસ આપી અને ૦૨ સંસ્થાઓ બંધ કરાવેલ હતી. દુધની ડેરી–૧૩૨ ચેકી કરી જે પૈકી ૨૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૦૨ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. બરફની ફેકટરી કુલ ૧૩ સંસ્થા ચેક કરી તે પૈકી ૯ સંસ્થાઓને નોટીસ આપી. બરફનું વેચાણ કરનાર ૨૩ સંસ્થા ચેક કરી જે પૈકી ૯ સંસ્થાઓને નોટીસ આપી તથા ૦૩ સંસ્થાને બંધ કરાવેલ હતી.

::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0145 તા. ૧૧–૦૫–૨૦૧૭

# —: પ્રેસનોટ :—

૧૪૬

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં આવેલ ઉધના ઉદ્યોગનગર સંઘના રોડ નં.૧૦ પર આવેલ પ્લોટ નં. A/૨૧/૩ તથા A/૨૧/૪ માં આશરે ૨૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૪૭

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**પ્રેસનોટ**

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૧૧/૦૫/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં આવેલ સુડાના સુચિત ડેવલપમેન્ટ પ્લાનના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રીઝર્વેશન, ફા.પ્લોટ નં. ૮૭/સી/૨ તથા ફા.પ્લોટ નં. ૧૦૨/બી માં બીનઅધિકૃત રીતે નંગ–૮ (આઠ) પ્લીન્થનું બાંધકામ જે આશરે ૪૮૦ ચો.ફુટ, નંગ–૬ ચણતરની દિવાલ જે આશરે ૧૮૦૦ ચો.ફુટ તેમજ નંગ–૩ પાટીયાના મકાન જે આશરે ૩૦૦ ચો.ફુટ એમ કુલ ૨૫૮૦ ચો.ફુટ જેટલુ બાંધકામ શરૂ કરાતા અત્રેથી ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ડેપ્યુટી ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0147
તા.૧૧/૦૫/૨૦૧૭

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**અખબારી યાદી**

**વિષય :– અઠવા ઝોન વિસ્તારમાં આવેલ ૧૩ ગામો તેમજ અન્ય વિસ્તારમાં પાણી પુરવઠા તેમજ પાણી પુરવઠાના દબાણના નિકાલ બાબત.**

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૧/૦૫/૧૭ના રોજ અઠવા ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સહિતના પાણીના પ્રશ્નો માટે એક મીટીંગ મળેલ હતી જેમાં મા.ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, પાણી સમિતિના ચેરમેનશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી તથા અઠવા ઝોનના મ્યુ.સદસ્યશ્રી હિતેશભાઈ ગામીત તથા એડી.સીટી ઈજનેરશ્રી, અઠવાઝોન, એડી.સીટી ઈજનેરશ્રી(ઈલે.એન્ડ ઈલે/મિકે.) તેમજ હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓ તથા સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અધિકારી/ કર્મચારીઓ હાજર રહેલ હતા. જેમાં પીવાના પાણીના પ્રશ્નોના નિકાલ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી તેમજ તેના નિકાલ અર્થે એકશન પ્લાન બનાવવામાં આવેલ છે. જેનાથી પાણીની મુશ્કેલી ધરાવતાં વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરી તાકીદે લોકોના પાણીના પ્રશ્નો અંદાજે દિન–૩(ત્રણ)માં પ્રશ્નોના નિકાલ થાય તે મુજબના જરૂરી પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે તથા તમામ સંબંધિતને સુચનાઓ આપવામાં આવેલ છે.

વધુમાં એડી.સીટી ઈજનેરશ્રી (ઈલે.એન્ડ ઈલે/મિકે.) દ્વારા જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ તરફથી પાણી પુરવઠામાં કરવામાં આવેલ વધારા અંતર્ગત અઠવા ઝોન વિસ્તારમાં સપ્લાય કરવામાં આવતાં પાણીના પુરવઠામાં વધુ ૨૩ એમ.એલ.ડી.પાણી પુરુ પાડવામાં આવનાર હોય લોકોને પાણીની મુશ્કેલીઓ દૂર થઈ પાણી અંગેના પ્રશ્નોના નિકાલ થઈ શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......10.7.4.8.
તા.૧૧/૦૫/૨૦૧૭

"ઈન્ટરનેશનલ લેબર ડે" નિમિત્તે તા.૧૧/૦૫/૧૭નાં દરેક ઝોનમાં આવેલ ઔદ્યોગિક એકમો, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારનાં કામદારો માટે સેનેટરી સુવિધાઓનું ઘનિષ્ઠ ચેકીંગ કરાવવા બાબતે.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૦૧/૦૫/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ લેબર ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનમાં આવેલ ઓદ્યોગિક એકમો, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કામગીરી કરતા કામદારો માટે સેનેટરી સુવિધાઓનું ઈન્સ્પેકશન, શૌચાલય, બાથરૂમની કન્ડીશન, પાણી/ડ્રેનેજની સુવિધાઓનું વ્યવસ્થાનું ચેકીંગ કરાવી તેને આનુષાંગિક કામગીરી કરવા જણાવવામાં આવેલ.

જે અંતર્ગત તા.૧૧/૦૫/૧૭નાં રોજ દરેક ઝોનનાં કાર્યપાલક ઈજનેર/નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ધ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ ઓદ્યોગિક એકમો/ઈન્ડુસ્ટ્રીયલ વિસ્તારોમાં આવેલ કારખાનાઓમાં ફરજ બજાવતાં વર્કરો માટે સેનેટરી સુવિધાઓ જેવી કે શૌચાલય, બાથરૂમ, પાણી અને ડ્રેનેજની વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? તે અંગેનું આજ રોજ સંકલિત ટીમો પાસે કરાવવામાં આવેલ. આ ઈન્સ્પેકશન દરમ્યાન સેનેટરી સુવિધાઓમાં ક્ષતિઓ માલુમ પડે તેવા એકમો/કારખાના માલિક/વહીવટકર્તાઓને નોટીસ આપવાની કાર્યવાહી ઉપરાંત જે સંસ્થાઓમાં ન્યુસન્સ જણાવેલ હોય તેવી સંસ્થાઓમાં વહીવટી ચાર્જ વસુલ કર્યા બાદ આ ટીમો ધ્વારા સંસ્થાનાં માલિક/વહીવટકર્તાઓ પાસે ન્યુસન્સ દુરસ્ત કરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| ચેકીંગ ઝુંબેશ કરવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર | સુપરવાઈઝર | કામદાર | ખામી જણાયેલ સંસ્થાઓને નોટીસ આપેલ ઈસમો | ખામી જણાયેલ સંસ્થાઓ પાસેથી વસુલ કરેલ વહીવટી ચાર્જ |
|---|---|---|---|---|
| ૫૭ | ૩૮ | ૭૮ | ૪૦ | ૧૩,૮૦૦ |

વધુમાં આ ટીમો ધ્વારા કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તેમજ આજૂબાજૂનાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકો/ભીના કચરાનું વર્ગીકરણ કરી તેનાં નિકાલ અર્થે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0149

તા.૧૨/૦૫/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

:: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ મે થી ૫ જુન ૨૦૧૭ દરમ્યાન આયોજીત વિવિધ કોર્ષોનો સમર કેમ્પ

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે બાળનાટ્ય શિબિર, નાટ્ય શિબિર અને વેસ્ટર્ન ડાન્સ માટેના "સમર કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૫/૦૫/૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે વાર્લી પેઈન્ટીંગ અને પોટ પેઈન્ટીંગનું એકઝીબીશન તેમજ સમર કેમ્પના વિવિધ કોર્ષોનો શુભારંભનું આયોજન કરવામાં આવેલ છે.

"સમર કેમ્પ"નું સમયપત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વિષય | વયગ્રુપ | સમય |
|---|---|---|---|
| ૧ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે | સવારે ૯ થી ૧૧ કલાક |
| ૨ | વેસ્ટર્ન ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | બપોરે ૧૨ થી ૨ કલાક |
| ૩ | નાટ્ય શિબિર | ૧૫ વર્ષથી ઉપરના વયગ્રુપ માટે | સાંજે ૪ થી ૮ કલાક |

આ સમર કેમ્પના વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. સમરકેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પરફોર્મીંગ આર્ટ સેન્ટરના તખ્તે પ્રદર્શિત કરશે.

આ વાર્લી પેઈન્ટીંગ અને પોટ પેઈન્ટીંગનું એકઝીબીશન તેમજ સમર કેમ્પના વિવિધ કોર્ષોનો શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે તથા સમર કેમ્પમાં ભાગ લેનાર શિબિરાર્થીઓએ રજીસ્ટ્રેશન માટે સમયસર ઉપસ્થિત થવાનું રહેશે.

સમાચારયાદી નં. 0150
તા. ૧૨/૦૫/૨૦૧૭,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :-**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૭, નોંધ નં.૨૨૪૦–૪૧ વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના કરવામાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોર + ત્રણ માળ સુધીના બાંધકામમાં માર્જીનવાળા ભાગમાં કરવામાં આવેલ અંદાજીત ૩૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ તા.૧૧/૦૫/૨૦૧૭ નારોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફ દ્વારા તોડી દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........................
તા.૧૧/૦૫/૨૦૧૭ 0151

# સુરત મહાનગરપાલિકા

## બ્રીજસેલ

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાનાં બ્રીજસેલ વિભાગ ધ્વારા સુરત શહેરમાં આવેલ રેલ્વે ગરનાળા નં.૪૪૫ સહારા દરવાજામાંથી પસાર થતાં રાહદારીઓ તથા વાહન ચાલકો પર ઉપરથી પસાર થતી ટ્રેન મારફત ટપકતું ગંદુ અને મેલુ પાણી અને કચરો પડતો અટકાવવા બાબતે કાયમી ઉકેલ લાવવા રેલ્વે વિભાગ ધ્વારા રેલ્વે કલ્વર્ટ નં. ૪૪૫ માં ટ્રેકની નીચેના ભાગે ટેમ્પરરી શીટીંગ એરેંજમેન્ટની કામગીરી તા.૧૩/૫/૧૭ થી શરૂ થનાર છે. આ કામગીરી પ્રાંરભથી અંત સુધી એમ બે તબકકામાં કરવામાં આવનાર છે. જે પૈકી પ્રથમ તબકકામાં કડોદરા તરફથી આવતાં અને સહારા દરવાજા તરફ જતાં તમામ પ્રકારનાં વાહનોનાં અવર જવર માટે મુંબઈ તરફનાં બોક્ષ નં.૦૧ અને બોક્ષ નં.૦૨ નો વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે. જેથી કડોદરા તરફથી આવતાં અને સહારા દરવાજા તરફ જતાં વાહનો માટે રસ્તાની વ્યવસ્થા તરીકે સુરત કડોદરા રોડ પર આવેલા પરવત પાટીયા જંકશનથી ડાબી બાજુ બી.આર.ટી.એસ. કેનાલ રૂટ થઈ આંજણા રેલ્વે ઓવર બ્રીજ થઈ કિન્નરી સિનેમા જંકશન ધ્વારા રીંગરોડ પર જઈ શકાશે તથા કરણીમાતા ચોક પાસેથી જમણી બાજુ ન્યુ બોમ્બે માર્કેટના આગળનાં ભાગનાં રસ્તામાંથી પસાર થઈ જુની બોમ્બે માર્કેટ પાસેથી પસાર થઈ ઈસ્ટ (વરાછા) ઝોન ઓફીસ પાસેથી પસાર થઈ સુરત રેલ્વે સ્ટેશન તરફ જઈ શકાશે. આ કામગીરી અંદાજે દિન–૧૫ દરમ્યાન પુર્ણ થશે.

ત્યાર બાદ બીજા તબકકામાં, બીજા દિન–૧૫ દરમ્યાન સહારા દરવાજા તરફથી કડોદરા તરફ જતાં તમામ પ્રકારનાં વાહનોની અવર જવર અમદાવાદ તરફનાં બોક્ષ નં.૩ નો વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે. જેથી દિલ્હીગેટ તરફથી આવતાં વાહનો લાલ દરવાજા થઈ સુરત રેલ્વે સ્ટેશન નજીક સુર્યપુર ગરનાળામાંથી પસાર થઈ પોદ્દાર આર્કેટ પાસેથી ઈસ્ટ (વરાછા) ઝોન પાસેથી પસાર થઈ જુની બોમ્બે માર્કેટ અને સુરત– કડોદરા રોડ પર જઈ શકાશે.

આ કામગીરીનાં બંને તબકકામાં પુર્ણ કરતાં, અંદાજીત દિન–૩૦ જેટલો સમય લાગે તેમ હોય, જે ધ્યાને લઈ, સ્થળ પર કામગીરી શરૂ થયાથી દિન–૩૦ માટે ઉપર જણાવ્યા મુજબનાં રૂટ ક્રમાનુસાર જાહેર જનતાનાં વપરાશ માટે બંધ રહેશે. વધુમાં, આ કામગીરી વહેલી પુર્ણ થશે તો ઉપરોકત બંને રસ્તાઓ બીજી જાહેરાત વિના જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવશે. આ કામગીરી માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર જનતાની સલામતી સારૂ જાહેરનામું પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જાહેર જનતાને સહકાર આપવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...........
તા.૧૨/૦૫/૨૦૧૭

0152

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૧૩/૦૫/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.


–સેન્ટ્રલઝોનમાંઅલ્લાયાનીવાડી,મોચીનીચાલનો,વિસ્તાર,બેગમપુરા,ગોલકીવાડ,કબીરપુરા,નાડીયાવાડબોમ્બેકોલોની,માળીફળીયું,નાનકવાડી,કંથાવાવાલા ડેલો,કાગદીની ચાલ,જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સુલતાનીયા જીમખાના,લુહાર મહોલ્લો,કુંભાર મહોલ્લો,બ્રાહમણ મહોલ્લો,કોળીવાડ,વૃંદાવન સોસા. પ્રશાંતનગર સોસાયટી વિભાગ–૧,લાલુવાડાનો ટેકરો,સોકટમેદાન,આમલી પુરા, જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં ભીમનગર આવાસ,ગોપાલનગર,એચ ૧૫ આવાસ એ–બલોક,જયકૃષ્ણનગર–૧,૨/ મરાઠાનગર,શોએબનગર બી,ગાયત્રીનગર સ્કૂલ ફળિયુંજેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં સુભાષનગર,અંબિકાનગર ,ભાઠેના–૧૮૪, પંચશીલનગર , જવાહરનગર ,બિલીયાનગર–૧,૨, ઉમિયાનગર–૧, યોગેશ્વરનગર, ચેતનનગર ,ઋષિનગર લક્ષ્મીનારાયણનગર જેવા વિસ્તારોમાં અઠવા ઝોનમાં અંબાજી મોહલ્લો,યુ.પી.નગર,ઈ.ડબ્લ્યુ.એસ આવાસ તળાવ પાસે વેસુ,નવું ભટાર,ભરથાંણા હળપતિવાસ,જપ્તી સાથ –૧,૨ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં વણઝારાવાસ,ટેકરાફળીયુ,આંબા તલાવડી,મેઘવાળ કોલોની,બોરડી ફળીયુ,એચ–૫ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાંધોબીખાડી,ખારવાચાલ,નરસિંહ મંદિર, ઉધરસભૈયાની વાડી, પાટીચાલ, આંબાવાડી, મફતનગર, આંબેડકરનગર, મોહન ની ચાલ, નવો મહોલ્લો હળપતિ વાસ, તાસની વાડી,જાડાબાવાનો ટેકરો,એકતાનગર,મોદી મહોલ્લોભગીરથ સો.,બાપાસીતારામ,કૃષ્ણનગર,દીનદયાળ, શ્રીરામનગર, મરઘાકેન્દ્રનીચલી કોલોની, આહિર ફળિયું, દરબાર ફળિયું પીર ફળિયું, દિપમાલા સો.,શાંતિનગર સો.,અંજની સો., સત્યનારાયણ સો,સરસ્વતી સો., મણીનગર, મહાલક્ષ્મી, શ્યામધામ, રવિદર્શન, સાંઈકૃપાજેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **26322** | **73017** | **272** | **11263** | **754** | **2145** | **127** | **39301** | **67** | **27951** | **12530** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**




IIFL
Buy your Dream Home
with our Dream Loan.






શ્રી કાલુપુર કોમર્શિયલ
કો-ઓપરેટિવ બેંક લિ.
સ્વાગત કરે છે.








સુરત મહાનગરપાલિકા
''મેગા લોન મેળા''માં આપનું હાર્દિક સ્વાગત કરે છે.